પ્રથમ અપીલ અરજી નં. ૦૧
તા.૦૪/૧૨/૨૦૨૦

**અરજદાર:–** શ્રી તલ્હા ચાંદીવાલા

**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેક્શન ઓફિસર (સ્મીમેર મેડીકલ કોલેજ)

**વિષય :–** **પ્રથમ અપીલ નં.૦૧, તા.૦૪/૧૨/૨૦૨૦.**

**સંદર્ભ :–** (૧) આર.ટી.આઈ.એક્ટ હેઠળ મુળ આઈ.ડી.નં.૧૨૩૮,તા.૨૮/૧૦/૨૦૨૦ ની માહિતી માંગતી અરજી.
(જે અત્રેનાં વિભાગમાં સ્મીમેર/આઈ.ડી.નં.૨૫,તા.૦૨/૧૧/૨૦૨૦ થી નોંધાયેલ છે.)
(૨) અત્રેથી અરજદારને સ્મીમેર કોલેજ/આઉટ નં.૨૮૩૪, તા.૨૩/૧૧/૨૦૨૦ થી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર.
(૩) અરજદારની મુળ પ્રથમ અપીલ અરજી તા.૦૧/૧૨/૨૦૨૦.
(જે અત્રેનાં વિભાગમાં સ્મીમેર/ઈન/નં.૫૯૦૦, તા.૦૪/૧૨/'૨૦ થી પ્રથમ અપીલ નં.૦૧ થી નોંધાયેલ છે.)
(૪) (૧) સ્મીમેર/આઉટ વર્ડ નં.૩૦૬૯, તા.૦૯/૧૨/'૨૦ થી અરજદારને સુનાવણીમાં ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.
(૨) સ્મીમેર/આઉટ વર્ડ નં.૩૧૪૯, તા.૧૫/૧૨/'૨૦ થી અરજદારને સુનાવણીમાં ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.

**ફરીયાદીની હકીકત :–**

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની સંદર્ભ–(૧) હેઠળની માહિતી માંગતી અરજી અત્રેનાં સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે સ્મીમેર/ઈન.નં.૫૧૯૧, તા.૦૨/૧૧/૨૦૨૦ થી પ્રાપ્ત થયેલ છે.જે અત્રે આઈ.ડી.નં.૨૫,તા.૦૨/૧૧/૨૦૨૦ થી નોંધાયેલ છે. મુળ માહિતી માંગતી અરજીમાં મુદ્દા નં.(૧) થી (૧૩) અન્વયે કોરોના સમય દરમ્યાન કોવિડ – ૧૯ એરીયા સિવાયના હોય એટલે કે નોન કોવિડ એરીયા અંગેની માહિતી માંગવામાં આવેલ. ત્યારબાદ જા.મા.અધિકારી અને ઈ.ચા.સેક્શન ઓફિસરશ્રી (સ્મીમેર મેડીકલ કોલેજ) દ્વારા સંદર્ભ–(૨) થી અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ.ત્યારબાદ અરજદારશ્રી દ્વારા સદર પ્રત્યુત્તરથી નારાજ થઈ સંદર્ભ – (૩) થી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રે પ્રાપ્ત થયેલ છે.

પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રીની રૂબરૂમાં મૌખિક સુનાવણી થઈ આવવા સંદર્ભ – (૪) થી અરજદારશ્રીને પત્ર પાઠવવામાં આવેલ છે. જેમાં અરજદારશ્રી, જા.મા.અધિકારી અને ઈ.ચા.સેક્શન ઓફિસરશ્રી હાજર રહેલ છે. જે અંગેની રોજકામમાં નોંધ કરવામાં આવેલ છે.

પ્રથમ અપીલ અરજી અન્વયે અરજદારશ્રી તા.૧૭/૧૨/૨૦૨૦ નાં રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહી રજુઆત કરેલ છે કે " મુદ્દા નં.(૧) થી (૧૩) અન્વયે પ્રથમ અપીલ અધિકારીશ્રી દ્વારા અમોને સમજણ આપવામાં આવેલ છે અને મુદ્દા નં.(૧) થી (૧૩) સ્મીમેર મેડીકલ કોલેજને લાગુ પડતા ન હોવાથી માહિતી " નીલ " આપેલ છે."

જા.મા.અધિકારી અને ઈ.ચા.સેક્શન ઓફિસરશ્રી રૂબરૂ સુનાવણીમાં હાજર રહી રજુઆત કરેલ છે કે " અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. "

# હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮/૧૦/૨૦૨૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી તેમજ પ્રથમ અપીલ અરજી અન્વયે તા.૧૭/૧૨/૨૦ નાં રોજ કરવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીની તેમજ જા.મા.અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી રજુઆત ધ્યાને લેતા " જા.મા.અધિકારીશ્રી દ્વારા નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે " જેથી સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(બી.સી.ખુંટ)
પ્રથમ અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર
સ્મીમેર મેડીકલ કોલેજ

સ્મીમેર/આઉટ નં.
તા.      /૧૨/૨૦૨૦

RIGHT TO INFORMATION

પ્રથમ અપીલ અરજી નં. ૦૪
તા.૩૦/૦૩/૨૦૨૧

**અરજદાર:–** ડો.ધ્રુવ કિશોરકુમાર વરીયા

**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર મેડીકલ કોલેજ)

**વિષય :–** **પ્રથમ અપીલ નં.૦૪, તા.૩૦/૦૩/૨૦૨૧.**

**સંદર્ભ :–** (૧) આર.ટી.આઈ.એકટ હેઠળ મુળ આઈ.ડી.નં.૫૩૭,તા.૦૨/૦૩/૨૦૨૧ ની માહિતી માંગતી અરજી.
(જે અત્રેનાં વિભાગમાં સ્મીમેર/આઈ.ડી.નં.૩૭,તા.૦૯/૦૩/૨૦૨૧ થી નોંધાયેલ છે.)
(૨) અત્રેથી અરજદારને સ્મીમેર કોલેજ/આઉટ નં.૫૦૮૮, તા.૨૪/૦૩/૨૦૨૧ થી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર.
(૩) અરજદારની પ્રથમ અપીલ અરજી તા.૩૦/૦૩/૨૦૨૧.
(૪) સ્મીમેર/આઉટ વર્ડ નં.૪૦૭, તા.૧૫/૦૪/'૨૧ થી અરજદારને સુનાવણીમાં ઉપસ્થિત રહેવા બાબતેનો પત્ર.

**ફરીયાદીની હકીકત :–**

અરજદારશ્રી ડો.ધ્રુવ કિશોરકુમાર વરીયાની સંદર્ભ–(૧) હેઠળની માહિતી માંગતી અરજી અત્રેનાં સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે સ્મીમેર/ઈન.નં.૯૩૩૬, તા.૦૯/૦૩/૨૦૨૧ થી પ્રાપ્ત થયેલ છે.જે અત્રે આઈ.ડી.નં.૩૭ થી નોંધાયેલ છે. મુળ માહિતી માંગતી અરજીમાં મુદ્દા નં.(૧) તા.૨૮/૦૧/૨૧ નાં રોજ કરવામાં આવેલ આર.ટી.આઈ. અરજી નં.ડી–૮૨૧૭ નો ૧ માસની મુદત પૂર્ણ થઈ ગયેલ હોવા છતા પણ મને તેનો કોઈ પ્રત્યુતર કેમ આપવામાં આવેલ નથી. ? (૨) સરકાર દ્વારા તા.૧૨/૦૫/૨૦ નાં ઠરાવ(સંદર્ભ ક્રમાંક – ૨) મુજબ એએમસી (અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન) સંચાલીત મેડીકલ કોલેજનાં તબીબોને રૂા.૨૫૦૦૦/– ચુકવવામાં આવેલ છે. (સંદર્ભ ક્રમાંક – ૩) તો આ રકમ એસએમસી (સુરત મ્યુનિ.કોર્પોરેશન) સંચાલિત સ્મીમેર મેડીકલ કોલેજનાં તબીબોને કેમ ચુકવવામાં આવેલ નથી ? (૩) સુ.મ.પા.સંચાલીત સ્મીમેર કોલેજનાં તબીબોની કોલેજ ફી નિયમ સમય મર્યાદામાં ભરવામાં ન આવે તો રૂા.૧૦૦/– પ્રતિદિન પેનલ્ટી રૂપે વસુલવામાં આવે છે.તો સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલ પગારભથ્થામાં થયેલ વિલંબ માટે સુ.મ.પા.એ પણ તબીબોને રૂા.૧૦૦/– પ્રતિદિન ચુકવવા જોઈએ તે અંગેની માહિતી માંગવામાં આવેલ. ત્યારબાદ જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર મેડીકલ કોલેજ) દ્વારા સંદર્ભ–(૨) થી અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર માહિતી પુરી પાડવામાં આવેલ.ત્યારબાદ અરજદારશ્રી દ્વારા સદર પ્રત્યુત્તરથી નારાજ થઈ સંદર્ભ – (૩) થી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રે પ્રાપ્ત થયેલ છે.

**અપીલ માટેનુ કારણ :–** બિન સંતોષકારક જવાબ.

ઉકત પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રીની રૂબરૂમાં મૌખિક સુનાવણી થઈ આવવા સંદર્ભે – (૪) થી અરજદારશ્રીને પત્ર પાઠવવામાં આવેલ છે. પરંતુ સદર તારીખે અરજદારશ્રી રૂબરૂ સુનાવણી માટે હાજર રહેલ નથી અને તેઓ તરફથી રૂબરૂ સુનાવણીનાં પત્ર સંદર્ભે ગેરહાજર રહેવા સબબ કોઈ લેખિત કે મૌખિક કોઈ રજુઆત પણ કરવામાં આવેલ નથી. જા.મા.અધિકારી અને સેકશન ઓફિસર સદર તારીખે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ હતા.જે અંગે રોજકામમાં નોંધ કરવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૨/૦૩/૨૦૨૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી ધ્યાને લેતા " જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી દ્વારા નિયત સમય મર્યાદામાં ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવામાં આવેલ છે " જેથી સદર અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(બી.સી.ખુંટ)
પ્રથમ અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર
સ્મીમેર મેડીકલ કોલેજ

સ્મીમેર/આઉટ નં.
તા.     /૦૪/૨૦૨૧